ક્રમાંક: ગુજકા/વેટ-૧૭સી/૧૫-૧૬/**જા.૧૭૫/૧૫૦**


વાણિજ્યિક વેરા કમિશનરની કચેરી,
(કાયદા શાખા)
ગુજરાત રાજ્ય,
એ/૫, રાજ્ય કર ભવન, આશ્રમરોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯


ગુજરાત વાણિજ્યિક વેરા
Gujarat Commercial Tax

તારીખ : ૧/૧/૨૦૧૬

# જાહેર પરિપત્ર

વિષય: કલમ-૬૩ અને નિયમ-૪૪(૨) હેઠળ ઓડીટ રીપોર્ટ રજુ કરવાની સમય મર્યાદા લંબાવવા બાબત.

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ,૨૦૦૩ ની કલમ-૬૩ ની જોગવાઇ હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ માટેના હિસાબો નિર્દિષ્ટ સત્તાધિકારી પાસે ખરાઇ કરાવી તે અંગેનો ઓડીટ રીપોર્ટ મેળવવાની સમય મર્યાદા તા.૩૧/૧૨/૨૦૧૫ છે.

આવો ઓડીટ રીપોર્ટ મેળવવાની સમય મર્યાદા લંબાવવા માટે વિવિધ વેપારી મંડળો તથા ટેકસ પ્રેકટીશનર્સ એસોસીએશન દ્વારા રજુઆતો કરવામાં આવેલ છે.

આથી વર્ષ ૨૦૧૪-૧૫ માટેનો આવો ઓડીટ રીપોર્ટ હવે તા.૩૧/૧/૨૦૧૬ સુધીમાં મેળવી શકાશે અને તે બદલ ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ,૨૦૦૩ ની કલમ-૬૩ અન્વયેની દંડકીય કાર્યવાહી કરવામાં આવશે નહીં.

આ પરિપત્રની સબંધિત સર્વેએ નોંધ લેવી.

સહી/-
(પી.ડી.વાઘેલા)
વાણિજ્યિક વેરા કમિશનર
ગુજરાત રાજ્ય, અમદાવાદ

નકલ સવિનય રવાના : (માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી સારૂ)

૧. સંયુકત સચિવશ્રી (કર),નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં
૨. વાણિજિયક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી,ગુ.રા.,અમદાવાદ
૩. ખાસ વાણિજિયક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી ગુ.રા.,અમદાવાદ
૪. અધિક વાણિજિયક વેરા કમિશનરશ્રી(ત/મ)ના અંગત મદદનીશશ્રી,ગુ.રા.,અમદાવાદ
૫. સઘળા વિભાગીય અધિક/સંયુકત વાણિજિયક વેરા કમિશનરશ્રીઓને જરૂરી કાર્યવાહી સારૂ
૬. તમામ નાયબ વાણિજિયક વેરા કમિશનરશ્રીઓને જરૂરી કાર્યવાહી સારૂ
૭. તમામ સહાયક વાણિજિયક વેરા કમિશનરશ્રીઓને જરૂરી કાર્યવાહી સારૂ
૮. તમામ વાણિજિયક વેરા કચેરીઓને જરૂરી કાર્યવાહી સારૂ
૯. આ કચેરીની તમામ શાખાઓ તરફ
૧૦. મહામાત્ર તાલીમ / દફતર શાખાને ૧૦ નકલમાં
૧૧. ૧૦ નકલ જનસંપર્ક શાખાને
૧૨. એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ તરફ
૧૩. ઈ–ગવર્નન્સ સેલને વેબસાઈટ પર મૂકવા અર્થે
૧૪. સઘળા નોંધાયેલ એસોસીએશન તરફ

(ઉપરોકત બાબત આપના મંડળના સભાસદોના ધ્યાન પર લાવી આભારી કરશોજી)

( આર.બી.મંકોડી)
સંયુકત વાણિજિયક વેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજય, અમદાવાદ